# આણંદ નગરપાલિકા, આણંદ.

મહાત્મા ગાંધી માર્ગ, આણંદ-૩૮૮૦૦૧
(જિલ્લો આણંદ.)
ફોન:૨૪૩૯૪૨/૨૪૩૯૪૩, ફાયરબ્રિગેડ:૨૪૩૧૦૧

જાવક નંબર:- એએમ/ફા/ ૨ તારીખ:- ૨૭/૨/૧૮

પ્રતિશ્રી,
સહજાનંદ ઈન્ટરનેશનલ સ્કૂલ,
સોજીત્રા – આણંદ રોડ,
ઈસણાવ. તા - સોજીત્રા. જી – આણંદ.

**વિષય :- અગ્નિશામક વિભાગની એન.ઓ.સી. આપવા બાબત.**

જયભારત સહ ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું આપશ્રીએ અગ્નિશામક વિભાગની એન.ઓ.સી. લેવા અરજી કરેલ તેના અનુસંધાને સોજીત્રા – આણંદ રોડ, ઈસણાવ. તા- સોજીત્રા, જી- આણંદ. સર્વે નં-૬૫૮ પ્લોટ નં-૬૫૮માં સહજાનંદ ઈન્ટરનેશનલ સ્કૂલના બિલ્ડિંગનુ બાંધકામ ચો.મી. ७८૫૩.૫૦ કરેલ તેનુ સ્થળ તપાસ કરતાં નીચે મુજબની શરતોને આધીન અગ્નિશામક વિભાગની એન.ઓ.સી. તા:- ૨૮/૨/૨૦૨૦ સુધી એન.ઓ.સી. આપવામાં આવે.

શરતો:-

| | |
|---|---|
| ૧ | વેઇટ રાઇઝર સીસ્ટમ રાખવી |
| ૨ | દર વર્ષે એક વખત ઉપરોક્ત સાધનોના ઇન્સ્પેક્શન તથા ટેસ્ટીંગ બાબતે અત્રે લેખિત પત્ર આપી જાહેર સલામતી માટે ટેસ્ટીંગ કરાવીને કરેલી સુવિધાઓ કાર્યરત રાખવાની રહેશે. અને ટેસ્ટીંગ મુદતમાં નહીં કરવો તો સદર બિલ્ડીંગ ઉપયોગ માટે અનસેફ અને જોખમકારક ગણાશે અને જાહેર સલામતી જોખમાશે તેની ગંભીર નોંધ લેવી. |
| ૩ | આગ લાગે ત્યારે શું કરવું તેનું આયોજન કરી ફાયર ઓર્ડર તૈયાર કરી ભોગવટો કરનારને જાણકારી આપવાની રહેશે. જેથી ઈમરજન્સીમાં સત્વરે તથા અસરકારક કામગીરી કરી શકાય. |
| ૪ | અંદર ગ્રાઉંડ વોટર ટેન્ક હમેશા પાણી ભરેલી રાખવી અને આ પાણીની ટેન્કનો ઉપયોગ આગ બુઝાવવા સીવાયના કોઈપણ હેતુ માટે કે વપરાશ માટે કરવો નહીં. |
| ૫ | સદર [illegible]. બિલ્ડીંગમાં ભવિષ્યમાં આગ સલામતી અંગેના વધારાના જે કોઈ સુચના જાહેર સલામતી માટે ફાયર સુપ્રિ.શ્રી તરફથી જાણવામાં આવશે તેનો ચુસ્ત અમલ કરવાનો રહેશે. |
| ૬ | ફાયર ફાયટિંગના વાહનો સહેલાઈથી અને સત્વરે ઓપરેટ થઈ શકે તે માટે નકશામાં બતાવ્યા પ્રમાણેના તમામ રસ્તાઓ ખુલ્લા રાખવાના રહેશે અને જો ખુલ્લા રસ્તા બ્લોકેજના કારણે અથવા અડચણના કારણે ફાયર ફાયટિંગના વાહનો આગ અકસ્માત સમયે સમયસર ઓપરેટ થશે નહીં અથવા આગના સ્થળે જઈ શકશે નહીં તો તેની સંપૂર્ણ જવાબદારી ભોગવટો કરનારાઓ તથા વ્યવસ્થાપકોની રહેશે. |
| ૭ | ફાયર ફાયટિંગના વાહનોને ફાયર ફાયટિંગ તથા બચાવ કામગીરીમાં અડચણવાળા ઝાડ ઈલેક્ટ્રીક વાયરો, ટેલીફોનના વાયરો, ગેટ – ગાર્ડન દિવાલ વોચમેન કેબિન વગેરે હોય તો અડચણ દૂર કરી રસ્તાઓ અવરોધ વિનાના કાયમી ધોરણે ખુલ્લા રાખવાના રહેશે અને આવા રસ્તાઓ ઉપર પાર્કિંગ કરવું નહીં તથા કરવા દેવું નહીં જેથી ફાયરબ્રિગેડ વિભાગના વાહનો સ્થળ પર સહેલાયથી અને સત્વરે જઈ શકે. |
| ૮ | સંભાળ માટે પુરતુ આયોજન કરીને સીક્યુરીટીની વ્યવસ્થા ગોઠવવી અને આ સાધનોના મેઈન્ટેનન્સ તથા ટેસ્ટિંગ માટે પણ આયોજન કરવાનું રહેશે. |
| ૯ | હાલમાં કરવામાં આવેલ તમામ પ્રકારની ફાયર ફાયટિંગની સુવિધાઓ તથા સિસ્ટમ વર્કિંગ કન્ડીશનમાં સહજાનંદ ઈન્ટરનેશનલ સ્કૂલ આયોજન થાય ત્યારે લેખીત સોપણી કરીને અત્રે જાણ કરવાની રહેશે. કારણ કે ત્યારબાદ તેઓની જવાબદારી ગણાશે. |
| ૧૦ | આગ અકસ્માત વખતે સદર બિલ્ડિંગની સાધનનોની જાળવણી તથા મેન્ટેનન્સ નહીં હોય અને કરવામાં આવેલ સુવિધાઓ વર્કીંગ કન્ડીશનમાં નહીં હોય અને જો કોઈ અઘટીત બનાવ બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી સહજાનંદ ઈન્ટરનેશનલ સ્કૂલની રહેશે. જેથી આગ સલામતી માટે કાયમી ધોરણે સદર બિલ્ડિંગમાં એચએએલ કરવામાં આવેલ ફાયર ફાયટિંગની સુવિધાઓ તથા સીસ્ટમ અવારનવાર ટેસ્ટીંગ કરી તે કાર્યરત રાખવાની રહેશે અને ટેસ્ટીંગ દરમ્યાન ભોગવટો કરનારાઓ હાજર રાખી જાણકારી આપવાની રહેશે. |
| ૧૧ | ફાયરબ્રિગેડ વિભાગ તરફથી ટેસ્ટિંગ કર્યા બાદ ફાયર ફાયટિંગ ના કોઈપણ સાધનો કાઢવા કે હટાવવા નહીં. |
| ૧૨ | ફાયર ફાયટિંગની સુવિધાઓ કાર્યરત નહીં હોય તો જાહેર સલામતી માટે પાણી ડ્રેનેજ વિગેરેના કનેકશનો કાપવા સુધીની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. જેથી દર વર્ષે એકવાર ફાયરબ્રિગેડ વિભાગને લેખિત પત્ર લખી બિલ્ડિંગમાં કરવામાં આવેલી ફાયર ફાયટિંગ સુવિધાઓનું ઇન્સ્પેક્શન તથા ટેસ્ટિંગ રીન્યુઅલ તારીખ ૨૮/૨/૨૦૨૦ સુધીમાં રીન્યુઅલ કરાવી લેવા માટે ખાસ જણાવવામાં આવે છે. |
| ૧૩ | બિલ્ડીંગ સૌથી ઉંચા ભાગ ઉપર એપ્રુવડનું લાઇટિંગ એરેસ્ટર લગાવવું. |
| ૧૪ | જી.ડી.સી.આર.-૨૦૦૨ કલમ ૧૭-૦૨ ની પેટા કલમો ૧ થી ૧૧ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. |

ફાયર સુપ્રિટેન્ડેન્ટ,
આણંદ નગરપાલિકા, આણંદ.

નકલ રવાના શ્રી રીજીયોનલ ફાયર ઓફિસરશ્રી, વડોદરા.